# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ,આકાશવાણી, ભુજ

**DATE : 04-02-2025 DAY: TUESDAY EVENING : 6.25 TO 6.30 PM**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## કેન્દ્રીય બજેટ – ગુજરાત રેલ્વે ફાળવણી

કેન્દ્રીય બજેટમાં રેલવે અંતર્ગત ગુજરાતને 17 હજાર 155 કરોડ રૂપિયાની વિક્રમી ફાળવણી કરવામાં આવી છે.

2014 પહેલા ગુજરાતને રેલવે બજેટમાં મળતી ફાળવણી કરતાં આ વખતે 29 ગણી વધુ ફાળવણી થઇ હોવાનું રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું. કેન્દ્રીય બજેટમાં ગુજરાતને ફાળવાયેલા બજેટ અંગેની વર્ચ્યુઅલ પત્રકાર પરિષદને સંબોધતા રેલ મંત્રી અશ્વિની વૈષણવે આ અંગેની જાણકારી આપી હતી.

વધુ માહિતી આપતા વર્ષ 2014થી અત્યાર સુધીમાં ગુજરાતમાં બે હજાર 739 કિમીના નવા ટ્રેકનું નિર્માણ થયું છે, જે ડેન્માર્કના સમગ્ર રેલવે નેટવર્ક કરતા પણ વધારે છે. તેમજ ગુજરાતમાં વર્ષ 2014થી અત્યાર સુધીમાં ત્રણ હજાર 144 કિ.મી. એટલે કે 97 ટકા વિદ્યુતીકરણ થયું છે. 6 હજાર 303 કરોડના 87 અમૃત સ્ટેશનો વિકસાવવામાં આવી રહ્યાં હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. જેમાં કચ્છના ભુજ, ગાંધીધામ, ભચાઉ અને સામખીયાળી રેલવે સ્ટેશનોનો સમાવેશ થાય છે.

---

# રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય દ્વારા ભુજ માં તાલીમ પરિષદ :

ભારત સરકારના આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય હેઠળના રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય દ્વારા ફેડરેશન ઓફ કચ્છ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન-FOKIAના સહયોગથી ઉદ્યોગોના વાર્ષિક સર્વે-ASI રિટર્ન ફાઇલ કરવા માટેના પ્રેક્ટીકલ તાલીમ પરિષદનું ભુજ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. મંત્રાલયની પ્રાદેશિક કચેરીના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ ડૉ. નિયતિ જોશીએ આકાશવાણીને જણાવ્યું કે, આ તાલીમ કાર્યક્રમમાં ફેક્ટરી મેનેજમેન્ટ ની ટીમો જાતે ASI રિટર્ન સચોટ અને સમયસર ભરી શકે તે માટે જરૂરી માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

(બાઈટ... ડો. નિયતિ જોશી, ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ, પ્રાદેશિક કચેરી અમદાવાદ)

અત્રે ઉલ્લેખનીય છે કે, ASI રાષ્ટ્રીય જીડીપીમાં વિવિધ ઉદ્યોગોના યોગદાનને સમજવામાં મદદ કરે છે. ભૂકંપ બાદ બે દાયકાથી કચ્છ જિલ્લો ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે ત્યારે જો આ ASI રિટર્ન થકી ગુણવત્તા સભર ડેટા રેકોર્ડ પર આવશે તો સકલ ઘરેલુ ઉત્પાદનમાં કચ્છના ઉદ્યોગ ક્ષેત્રના યોગદાનની યોગ્ય નોંધ લેવામાં જરૂર મદદ મળશે.

---------------------------------------------------------------------------------------

# પશ્ચિમ કચ્છ પોલીસ આંતરિક બદલી હુકમો

જાહેરહિત અને વહીવટી સરળતાને ધ્યાને લઈ પશ્ચિમ કચ્છ પોલીસવડા વિકાસ સુંડાએ પોલીસબેડામાં આંતરિક બદલીનો આદેશ કર્યો છે. જેમાં હથિયારી, બિનહથિયારી, કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ અને એએસઆઈ સહિત કુલ 43 કર્મચારીને બદલવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા સમય પૂર્વે પણ પોલીસબેડામાં મોટા પાયે આંતરિક બદલીઓ કરાઈ હતી.

---

# પીજીવીસીએલ  વીજ કનેક્શન કાપવા અંગે ઝુંબેશ

વીજબીલના નાણાંની વસુલાત માટે પીજીવીસીએલ અંજાર વર્તુળ કચેરી દ્વારા આવતીકાલથી વીજબીલ બાકી હોય તેવા ગ્રાહકોના વીજ કનેક્શન કાપવા અંગે ઝુંબેશ શરુ કરાશે. આ બાકીદારોને વીજસેવા ન ખોરવાય તે માટે ત્વરીત બાકી લેણા ભરવા જણાવાયું છે.

મુખ્ય ઇજનેર, પીજીવીસીએલ વર્તુળ કચેરી અંજારની અખબારીમાં વીજબીલ ઓનલાઇન અથવા પીજીવીસીએલ કચેરી ખાતે રૂબરૂમાં ભરપાઇ કરવા અનુરોધ કરાયો છે. ઉલ્લેખનીય છે કે, કંપનીના નિયમ અનુસાર જે વીજગ્રાહકનું જોડાણ કાપવામાં આવશે તે ફરી ચાલુ કરવા માટે જે તે સબ ડિવિઝન ઓફિસમાં રૂબરૂ જઇ પુનઃ જોડાણ ચાર્જ ભરપાઇ કરવાની સાથે માલિકીના આધાર-પુરાવા તથા ઓળખપત્ર સહીતના દસ્તાવેજો સાથે ઇ-કેવાયસી કરાવવાનું ફરજિયાત કરવામાં આવેલ છે.

---

## નિધન :

અબડાસાના ખાનાય ગામના રામદેવપીર મંદિરના મહંત શ્રી મેઘરાજજી દાદા નું અવસાન થયું છે. તેમના અવસાનના સમાચાર મળતા અનુયાયીઓમાં શોક ની લાગણી ફેલાઈ છે. સાંસદ વિનોદ ચાવડા સહિતના અગ્રણીઓએ તેમને શ્રન્ધાજલિ આપી હતી.

---------------------------------------------------------------------------

## ભુજ રેંજ - ફાયરીંગ પ્રેક્ટિસ

ભુજ તાલુકાના હરીપર નજીક આવેલી ફિલ્ડ ફાયરિંગ રેન્જ નં.૦૨ અને નં.૦૩ ઉપર આગામી ૨૮મી ફેબ્રુઆરી સુધી એર ડીફેન્સ રેજીમેન્ટના તાબા હેઠળની આર્મ્સ ફાયરિંગ પ્રેક્ટિસ યોજવામાં આવશે.જેથી આ ફાયરિંગ રેન્જમાં કોઇપણ વ્યક્તિઓએ ન પ્રવેશવ અથવા ઢોરોને પ્રવેશવા ન દેવા આદેશ કરાયો છે. તેમ છતાં કોઇપણ વ્યક્તિ આ ફાયરિંગ રેન્જમાં પ્રવેશશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ કોઈ વ્યક્તિને કે ઢોરોને નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વ્યક્તિની રહેશે તેમ સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, ભુજ-કચ્છ દ્વારા જણાવાયું છે.

---------------------------------------------------------------------------